અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓ માટે વિદેશ અભ્યાસ લોન માટેની ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્કોલરશીપ લોન યોજના.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SCW/૧૦/૨૦૧૩/૭૭૧૪૫૩/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.03/0૧/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.0૯/03/૧૯૯૯નો ઠરાવ ક્રમાંક: એસ.પી.એચ/૧૦૯૭/મુ.૩૧૫/ગ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.30/03/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨-૨૦૧૩/૧૦૮૨૭૫/અ

(3) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/0૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: SCW/૧૦/૨૦૧૩/૭૭૧૪૫૩/ન.બા-૧૬/ગ

(૪) સામાન્ય વહિવટ વિભાગનો તા.૦૭-૧૦-૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: આરસીપીએસ/૧૦૨૦૨૧/૩૬૯/વસુતાપ્ર-૪

(૫) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૧૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: પરચ/૧૧૨૦૨૧/૫૧૬૯૩૧/ચ

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક: (૪) ઉપરના સામાન્ય વહિવટ વિભાગના તા.૦૭-૧૦-૨૦૨૧ના ઠરાવથી ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ હેઠળ જાહેર કરેલ સેવાઓ માટે બિઝનેશ પ્રોસેસ રી-એન્જીનીયરીંગની કાર્યવાહી માટે ટાસ્ક સમિતીની રચના કરવાનું ઠરાવવામાં આવેલ છે. જે પરત્વે વંચાણે લીધેલ ક્રમાંક: (૫) પરના આ વિભાગની ચ- શાખાના પત્રથી આ વિભાગ હસ્તકની કેટલીક સેવાઓ અંતર્ગત મેળવવામાં આવતા વધારાના પુરાવાઓ ઓછા કરવા તથા અન્ય બાબતે આનુષંગિક ઠરાવોમાં સુધારા કરવા કાર્યવાહી કરવા જણાવેલ છે. જે અંગે ચ- શાખાના પત્ર સાથે સામેલ આ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં મળેલ ટાસ્ક સમિતિની નોંધથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્કોલરશીપ લોન યોજનાના ઠરાવમાં સુધારા કરવા સૂચન કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના તા.૦૯/૦૩/૧૯૯૯ના ઠરાવની શરતોમાં નીચે મુજબના ફેરફાર આથી ઠરાવવામાં આવે છે.

૧. શરત નં: (૯) "આ યોજના હેઠળ લોન મેળવનાર લાભાર્થીએ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ ભારતમાં તેમની સેવાઓ ઓછામાં ઓછી પાંચ વર્ષ માટે આપવાની રહેશે. જો લાભાર્થી પરદેશમાં સ્થાયી થશે તો આવી લોનની રકમ વ્યાજ સાથે એકસામટી રાજ્ય સરકારને પરત કરવાની રહેશે. આમાં કોઈ છૂટછાટ માપવામાં આવશે નહીં. જો લાભાર્થી આવી રકમ ભરવામાં નિષ્ફળ જાય તો તે રકમ તેના જામીનદારો પાસેથી સરખાભાગે વસૂલ કરવામાં આવશે. અને જો જામીનદારો આ રકમ ભરવામાં નિષ્ફળ જાય તો તેમની પાસેથી તે રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે." જે પૈકી "વિદેશમાં અભ્યાસ પૂર્ણ થયા બાદ ભારતમાં ૫ વર્ષ સેવા આપવાની રહેશે" એ જોગવાઈ દૂર કરવામાં આવે છે.

૨. શરત નં : (૧૦), (૧૧) તથા (૧૨) આથી રદ્દ કરવામાં આવે છે.

૩. શરત નં : (૮) "વિદેશમાં જતા પહેલાં અરજદારે પાસપોર્ટ, સ્ટુડન્ટ વીસા, વિદેશમાંની માન્ય યુનિવર્સિટીમાં પ્રવેશ મળ્યા અંગેનો પત્ર વગેરે આધાર રજૂ કરવાના રહેશે." માં "વિદ્યાર્થી વિદેશ ગમનના છ માસની અંદર પણ અરજી કરી શકશે" એ જોગવાઈ ઉમેરવામાં આવે છે.

૪. શરત નં : (૭) "લાભાર્થીએ બે સદ્ધર જામીનો રજૂ કરવાના રહેશે." ના બદલે "એક સદ્ધર જામીન રજૂ કરવાના રહેશે" તે મુજબ વંચાણે લેવાનું રહેશે.

૫. શરત નં : (૨) માં "આ યોજનાનો લાભ અનુસૂચિત જાતિના એક કુટુંબના એક જ સંતાનને મળવાપાત્ર થશે." એ જોગવાઈ રદ્દ કરવામાં આવે છે તથા "એક જ પરિવારના વધુમાં વધુ બે વ્યક્તિને લોન આપી શકાશે" એ જોગવાઈ ઉમેરવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમાંક : (૨) પરના તા.૩૦/૦૩/૨૦૧૩ના ઠરાવની શરત નં (૨) "ધોરણ-૧૨ પછીના ટકાવારીના ધોરણને બદલે પ્રથમ તબક્કે અનુસ્નાતક (post graduate) કક્ષા પી.એચ.ડી. તેમજ ઉચ્ચ કક્ષાના સંશોધન અને કોમપ્યુટર ક્ષેત્રના અભ્યાસક્રમો માટે અગ્રતા આપીને ત્યારબાદ ફંડ ઉપલબ્ધિને આધિન ધોરણ-૧૨ પછીના વિદેશમાં ચાલતા ટેકનીકલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમો માટે તથા ડીપ્લોમા અથવા તેની સમકક્ષ તાંત્રિક અભ્યાસક્રમો માટે તેમજ સ્નાતક (graduate) કક્ષાના અભ્યાસક્રમો માટે આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે." જે શરતમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્કોલરશીપ લોન યોજના હેઠળ "મળેલ અરજીઓને ક્રમાનુસાર મંજૂર કરવાની રહેશે. જે પૈકી અતિ પછાત જાતિના અરજદારોને અગ્રતા આપવાની રહેશે" જે મુજબની જોગવાઈ ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમાંક : (૩) પરના તા.૨૭/૦૮/૨૦૧૪ના ઠરાવની શરતો પૈકી શરત નં: (૧), (૭) અને (૧૦) આથી રદ્દ કરવામાં આવે છે તથા "વિદેશમાં અભ્યાસ પૂર્ણ થયા બાદ જો વિદ્યાર્થી વિદેશમાં સ્થાયી થાય તો નોકરીનું સ્થળ-રહેઠાણમાં ફેરફાર, સંપર્ક નંબર, ઇ-મેઇલ આઇ.ડી. ભારતમાં આવાગમનની જાણ 'જ્યાં સુધી લોન ભરપાઇ ના થાય ત્યાં' સુધી ફરજિયાત કરવાની રહેશે" એ શરત ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

"રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ-૧૨ કે તેથી ઉપરના જે અભ્યાસક્રમને આધારે વિદેશ અભ્યાસમાં પ્રવેશ મેળવતા હોય તેમાં ૫૦% કે વધુ માર્ક ધરાવતા હોવા જોઈશે. તેમજ તેઓ ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક, પોસ્ટગ્રેજ્યુએટ ડિપ્લોમા, પી.એચ.ડી., તેમજ તમામ ક્ષેત્રોના અન્ય એકથી વધુ વર્ષના સમયગાળા માટેના અભ્યાસક્રમો માટે પણ લોન મેળવવાને પાત્ર રહેશે." તે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

સદરહુ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- અંગત સચિવશ્રી,માન.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી,માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા)((સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોકનં ૪, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર
- તમામ નાયબ નિયામકશ્રીની કચેરી, તમામ જિલ્લા (મારફત નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,)